# પ્રાંતિજ ખાતે મદન મોહન લાલજી મંદિર ખાતે ફુલોના હિંડોળા બનાવવામાં આવ્યા

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ મદન મોહન લાલજી ના મંદિર ખાતે પ્રવિત્ર શ્રાવણ માસ માં દર વર્ષ ની જેમ આ વર્ષે પણ વિવિધ પ્રકાર ના હિંડોળા બનાવવામા આવી રહ્યા છે જેમા ફુલો નો હિંડોળા બનાવવામા આવ્યો હતો . પ્રાંતિજ દેસાઈ ની પોળ મા આવેલ મદન મોહન લાલજી મંદિર ખાતે આવર્ષે પણ મંદિર વ્યવસ્થાપકો દ્વારા પવિત્ર શ્રાવણ માસ માં વિવિધ પ્રકાર ના હિંડોળા ભરવામા આવે છે જેમા શ્રાવણ માસની પવિત્ર અગિયારસ ના દિવસે ગુરૂ ને



અને ભગવાન ને પવિત્રા ધરવામા આવે છે અને આ દિવસે મંદિર વ્યવસ્થાપકો અને વૈષ્ણવ સમાજ ના ભાઈ-બહેનો દ્વારા ફુલો નો હિંડોળો બનાવવામા આવે છે અને વિવિધ રંગબેરંગી ફૂલો માથી હિંડોળા બનાવવામા આવ્યા હતા અને ફુલો દ્વારા હિંડોળા ની સજાવટ કરવામા આવી હતી તો વૈષ્ણવ સમાજ ના ભાઈ-બહેનો પણ મોટી સંખ્યા માં મંદિર ખાતે ઉમટી પડયા હતા અને ફુલોના હિંડોળા ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી તો મંદિર ખાતે કિર્તન કાર્યક્રમ પણ હરિભકતો દ્વારા યોજવામા આવે છે.

# પ્રાંતિજ નગરપાલિકા વોર્ડનં-૫ના અપક્ષ કોર્પોરેટરની આધુનિક પહેલ

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકા વોર્ડ નંબર-૫ ના અપક્ષ નગર સેવક દ્વારા પોતાના વોર્ડ નં-૫ ને ગંદકી થી બચાવવા




આધુનિક ટેક્નોલોજી નો ઉપયોગ કરી વોર્ડ મા જયા ગંદકી થતી હતી ત્યા સીસીટીવી કેમેરો લગવી ગંદકી રોકવા બેનરો લગાવી કચરો નાખતા લોકો સામે દંડનીય કાર્યવાહી થશે તેવા બેનરો લગાવવામા આવ્યાં. પ્રાંતિજ ખાતે વોર્ડ નંબર-૫ ના અપક્ષ યુવાન કોર્પોરેટર મોહસીન એમ. છાલોટીયા દ્વારા પોતાના વિસ્તારમા ગંદકી ને લઈને પોતે સફાઈ કરાવી અને ફરીઆ જગ્યાએ ગંદકી નો થોક ના થાય તે માટે યુવાન કોર્પોરેટર દ્વારા પોતાના પૈસાથી આ વિસ્તાર મા સીસીટીવી કેમેરો નાંખ્યો અને પોતે બેનરો બનાવો ને વિસ્તાર માં લગાવવામા આવ્યા અને બેનરો મા લખવામા આવ્યુ કે આપ સીસીટીવી કેમેરા ની નજર મા છો અહી કોઈ પણ પ્રકાર નો કચરો નાખવો નહી કચરો નાખતા પકડાશો તો દંડનીય કાર્યવાહી થશે ત્યારે આ કોર્પોરેટર યુવાન ની આધુનિક પહેલ દ્વારા વોર્ડ-૫ વિસ્તાર મા ગંદકી રોકવા સીસીટીવી કેમેરો લગાવવામા આવતા કેમરા ના ડરથી તથા દંડના ડરથી અહી કોઇ પણ વ્યકિત કચરો નાખવા આવતુ નથી અને બેનરો તથા કેમેરો લાગતા આ વિસ્તાર ના લોકો મા પણ જાગૃત થયા છે ત્યારે વોર્ડ નં-૫ ના આ અપક્ષ યુવા કોર્પોરેટર ની કામગીરી ને વોર્ડ નં-૫ ના રહીશો સહિત પ્રાંતિજ ના લોકોએ પણ યુવા કોર્પોરેટર ની કામગીરી ને બિરદાવામા આવી રહી છે ત્યારે અન્ય કોર્પોરેટરો તથા અન્ય પાલિકાઓ માટે પણ એક શિખ સમાન છે તેમ કહીએ તો પણ નવાઈ નહી.

## ડેમાઈ ગામ આંજણા પાટીદાર સમાજનું ગૌરવ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

બાયડ તાલુકાની ડેમાઈ ગ્રામ પંચાયતના સરપંચ (મહેશભાઈ કાળીદાસ પટેલ) અને પ્રતિક્ષાબેન પટેલ(ડેમાઈ-૧ પ્રા.શાળા)ના પુત્ર પ્રથમ પટેલે ગુજરાત યુનિ. દ્વારા લેવાયેલ એમ.બી.બી.એસ.



ફાઈનલ યરની પરીક્ષામાં ૬૫ ટકા સાથે ઉત્તિર્ણ થઈ જી.સી.એસ.મેડીકલ કોલેજ-અમદાવાદ તેમજ આંજણા પાટીદાર સમાજનું ગૌરવ વધારતાં બાયડના પૂર્વ ધારાસભ્ય ડાૅ.મહેન્દ્રભાઈ એસ. પટેલ, ડાૅ.પ્રકાશભાઈ શાહ, ડાૅ.અલ્પેશભાઈ પટેલ, ડાૅ.દર્શન પટેલ, ડાૅ.કૃતિક શાહ સહિત બાયડ, ધનસુરા આઈ.એમ.એ. એસોસીએશન, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી સતિષભાઈ પટેલ વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.

# અરવલ્લીના સી.આર.સી. કો.ઓર્ડીનેટરનું લાઈવ લોકેશન વોટ્સએપ ગૃપ બનાવવા આદેશ

**જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘે કહ્યું ભૌગોલિક પરિસ્થિતિને અનુકુળ નથી**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા બી.આર.સી. મારફતે તાબાના તમામ સી.આર.સી. કો.ઓર્ડીનેટરને લાઈવ લોકેશન વોટ્સએપ ગૃપ બનાવવા આદેશ આપ્યો હતો પરંતુ અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘે જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિને અનુકુળ નથી અનેક અંતરીયાળ વિસ્તારમાં મોબાઈલ નેટવર્કના ધાંધિયા છે જેથી આપનો પરીપત્ર મોનિટરીંગ સીસ્ટમ ઉપર પ્રશ્નાર્થ ઉભો કરનારો છે અને સી.આર.સી.ના




મનોબળ તોડવા જેવો છે જેથી પરીપત્ર અંગે ફેરવિચારણા કરવા જણાવ્યું છે.

પ્રા.શિક્ષકો અને શિક્ષણ વિભાગના અધિકારીઓ વચ્ચે કોઈને કોઈ મુદ્દે ગજગ્રાહ વધી રહ્યા છે. શિક્ષકો કેટલાક નિર્ણયોને શિક્ષકોના આત્મસન્માનને ફટકા સમાન ગણાવી રહ્યા છે. તો શિક્ષણ વિભાગ સીસ્ટમને વધુ એક્ટીવ અને પારદર્શક બનાવવાનો એક ભાગ હોવાનું જણાવતું હોય છે. તાજેતરમાં જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી-અરવલ્લી દ્વારા ૬ તાલુકાના બી.આર.સી. મારફતે સી.આર.સી. કો.ઓર્ડીનેટરનું લાઈવ લોકેશન વોટ્સએપ ગૃપ બનાવવા સૂચના કરવામાં આવી હતી જેથી અરવલ્લી જિલ્લા પ્રા.શિક્ષક સંઘે આ મુદ્દે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને પત્ર લખીને અરવલ્લી જિલ્લાના અનેક વિસ્તારોમાં મોબાઈલ નેટવર્ક ક્યારેય પકડાતું નથી, કેટલાક તાલુકાઓ ડુંગરાળ વિસ્તારમાં આવેલા છે અને મોબાઈલ નેટવર્કના અનેક પ્રશ્નો છેલ્લા ૨-૩ વર્ષથી જોવા મળ્યા છે ત્યારે દરેક સી.આર.સી. દ્વારા નિયમિતપણે શાળાઓની મુલાકાત લઈ રાજ્ય કક્ષાએથી આપવામાં આવેલ સૂચના અનુસાર મોનિટરીંગ એપ્લીકેશન દ્વારા સ્કુલ મોનિટરીંગ ફોર્મ ભરવામાં આવે છે. ગુજરાતના કોઈપણ જિલ્લામાં આવી કોઈપણ અલાયદી સૂચનાઓ કરવામાં આવી નથી. આપના પત્ર દ્વારા જે સૂચના કરવામાં આવી છે તેનો કેટલાક તાલુકાઓમાં દુરૂપયોગ થાય એવું અમને લાગી રહ્યું છે. શિક્ષક અને સી.આર.સી. પ્રફુલ્લિત બને, કામ કરે તો સારા પરિણામો પ્રાપ્ત થઈ શકે, જો આપણે જ આપણી મોનિટરીંગ સીસ્ટમ ઉપર પ્રશ્નાર્થ ચિન્હો કરીશું તો સી.આર.સી.નું મનોબળ તોડવા જેવું થશે તો આ બાબતે આપની કક્ષાએથી ફેરવિચારણા કરી યોગ્ય ઘટતું કરવા જણાવ્યું છે.

# ભિલોડામાં ટ્રાફીકને અડચણરૂપ લારી ન હટાવતાં પોલીસ મથકે ગુનો નોંધાયો

ભિલોડા,તા.૨૦

ભિલોડા તાલુકા મથક ખાતે દિન-પ્રતિ-દિન ગેરકાયદેસર દબાણોનો રાફડો ફાટ્યો છે.વાહનોની સંખ્યા વધતા રસ્તાઓ પર ટ્રાફીક સમસ્યા સર્જાતી હોય ત્યારે વાહન ચાલકો, રાહદારીઓ ભારે મુંઝવણમાં મુંકાય છે. શાકભાજી, ફ્રુટ સહિત વિવિધ પ્રકારના ધંધા હાથ લારીઓ પર ચાલતા હોય ત્યારે ટ્રાફીકની સમસ્યા સર્જાતી હોય છે.લારીઓ વાળા આડેધડ લારીઓ ઉભી રાખીને બિન્દાસ્ત રીતે વેપાર-ધંધો કરતા હોય છે.ટ્રાફીકને અડચણરૂપ કાયમી ધોરણે ટ્રાફીકને અવરોધરૂપ બનતા હોય છે. ભિલોડા પોલીસ સ્ટેશનમાં ટ્રાફીક કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા કલ્પેશભાઈ અસારી, પોલીસ સહિત ટી.આર.બી. ના જવાનોએ ટ્રાફીકને અડચણરૂપ લારીઓ હટાવતા હતા. ખાડીયા ચોકી,ત્રણ રસ્તા પાસે સફરજન ભરેલી હાથ લારી ટ્રાફીકને અડચણરૂપ થાય તે રીતે રોડ પર ઉભી રાખી સફરજન વેચવાનો ધંધો કરતા પંકજ વણઝારાને પોલીસે કહેવા છતાં રોડ પરથી લારી ન હટાવતાં તેના વિરૂધ્ધ પોલીસ ધ્વારા કાયદેસરની કાર્યવાહી કરવા સંદર્ભે તેને પોલીસના સરકારી વાહનમાં બેસાડતા હોય ત્યારે દિનેશ વણઝારા, ભીમા વણઝારા,મુકેશ વણઝારા સહિત અજાણ્યા સાતેક ઈસમોએ એક સંપ થઈ સરકારી વાહનની આગળ ઉભા થઈને સરકારી કામકાજ દરમિયાન રૂકાવટ ઉભી કરી હતી.લારીઓ વાળાએ પોલીસ સામે પડકાર ફેક્યો અને ઝપાઝપી દરમિયાન સામાન્ય વાતચીત કરતા ટ્રાફીક કોન્સ્ટેબલ અને ટી.આર.બી.ના જવાનોને બિભત્સ અપશબ્દો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપતા મામલો ગરમાયો હતો. પોલીસે લારીઓ વાળા વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગણપત યુનિવર્સિટી દ્વારા ડો. વિક્રમ સારાભાઈના ૧૦૨માં જન્મદિન નિમિત્તે આયોજિત પ્રોગ્રામ : અંતરીક્ષ-૨૦૨૧

ગણપતનગર, તા. ૨૦

ગણપત યુનિવર્સિટી દ્વારા ડો. વિક્રમ સારાભાઈ ના જન્મદિન નિમિત્તે 'અંતરીક્ષ-૨૦૨૧' દિવસ તરીકે ઉજવવામાં આવ્યો

કાર્યક્રમમાં ડો.ડી એસ મુંજાલ (સિનિયર સાયન્ટિસ્ટ isro) અને ડો. અનિલ ભારદ્વાજ (ડાયરેક્ટર પી.આર.એલ) અતિથિઓ ઉપસ્થિત રહ્યા. ગણપત યુનિવર્સિટી મહેસાણા અર્બન ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સીસ દ્વારા ડોક્ટર વિક્રમ સારાભાઈ ના ૧૦૨ માં જન્મદિવસ અંતરીક્ષ ૨૦૨૧ ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ યુનિવર્સિટી ની કોલેજ અને શાળાના ૨૩૫ વિદ્યાર્થીઓએ રંગોળી, ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ, પોસ્ટર પ્રેઝન્ટેશન, ક્વિઝ, પેરાશૂટ ડ્રાઈવ, બલુન કાર રેસ, પ્રેશર રોકેટ રેસ અને સ્પેસ વ્હીકલ મોડેલ જેવી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ડો. ડી એસ મુંજાલ સિનિયર સાઈન્ટીસ્ટ ઈસરો એ હાજરી આપીને વિદ્યાર્થીઓને અવકાશ વિષે ઉત્સાહ વધાર્યો હતો. તેમજ પી.આર.એલ ના ડાયરેક્ટર ડોક્ટર અનિલ ભારદ્વાજે 'ઈન્ડિયન પ્લેનેટરી અને સ્પેસ મિશન' વિશે ઓનલાઈન વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું.




સમાપન સમારોહમાં યુનિવર્સિટીના પ્રો.ચાન્સેલર ડો.મહેન્દ્ર શર્મા ફાર્મસી ફેકલ્ટીની ડો.એસ એસ પંચોલી રિસર્ચ ડાયરેક્ટર ડો.અજય ગુપ્તા અને ફેકલ્ટી ઓફ સાયન્સના ડીન ડો. અમિત પરીખ ઉપસ્થિત રહીને વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપીને પ્રોત્સાહિત કર્યા હતા.





સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના બોરીયા સીતવાડા ખાતે મહિલાઓ દ્વારા એક દિવસનો નકોરડો ઉપવાસ કરીને લાલ રંગ ના પોશાક પહેરીને પૂર્જા અર્ચના કરવામા આવી હતી આ વ્રત મહિલાઓ દ્વારા પોતાના સંતાનોની રક્ષા માટે કરવામા આવે છે.

# પાલનપુરમાં ધો.૭ પાસની ભરતીમાં શિક્ષક સમકક્ષ ડીગ્રી વાળા ઉમેદવારોએ અરજી કરી

**મધ્યાન ભોજન સંચાલક ની ૧૩ જગ્યા માટે ૧૦૭ ઉમેદવારોઓ ઇન્ટરવ્યૂમાં આવ્યા : એમ.કોમ અને બીએડના વિદ્યાર્થીઓ માસિક ૧૬૦૦ વેતન ધરાવતા એમડીએમ સંચાલક બનવા તૈયાર થયા**

પાલનપુર,તા. ૨૦

પાલનપુર મામલતદાર કચેરી ખાતે મધ્યાન ભોજન



યોજનામાં ખાલી પડેલ ૧૩ જેટલા સંચાલકોની બેઠકો ભરવા માટે ઈન્ટરવ્યૂ યોજાયો હતો જેમાં ધો.૭ પાસની લાયકાત સામે ૧૧ માસના કરાર આધારિત અને માસિક ૧૬૦૦ ના નજીવા વેતન ધરાવતા સંચાલક ની જગ્યા માટે એમ, કોમ અને બીએડની ડીગ્રી ધરાવતી મહિલાઓ ઈન્ટરવ્યું આપતા જિલ્લામાં બેરોજગારી નો ચિતાર સામે આવ્યો છે. રાજ્ય અને દેશમાં બેરોજગારીની સમસ્યા દિનપ્રતિદિન જટીલ બની રહી છે જેમાં અનેક ઉચ્ચ શિક્ષણ મેળવનાર યુવાનો પોતાની ડીગ્રી સમકક્ષ નોકરી ન મળતા આ બેરોજગાર યુવાનો કરાર આધારિત અને નાની પોસ્ટ ધરાવતી તેમજ માનદ વેતન વાળી સરકારી નોકરીઓમાં ઝપલાવી રહ્યા હોવાનું સામે આવ્યું છે જેમાં પાલનપુર તાલુકાની વિવિધ ૧૩ પ્રાથમિક સ્કૂલોમાં ખાલી પડેલ મધ્યાન ભોજન કેન્દ્રમાં સંચાલકો માટે બુધવારે પાલનપુર મામલતદાર કચેરી ખાતે ઈન્ટરવ્યું યોજાયા હતા જોકે મધ્યાન ભોજન યોજના ના ૧૩ સંચાલકની ભરતીમાં ૧૦૭ ઉમેદવારોએ અરજીઓ કરી હતી જોકે આ ભરતીમાં સ્થાનિક તેમજ વિધવા મહિલા માટે ધો.૭ તેમજ ૧૦ પાસની લાયકાત સામે આ ભરતીમાં શિક્ષક સમકક્ષ એમ.કોમ અને બોએડ કરેલ મહિલાઓ ઈન્ટરવ્યું આપવા ઉમટી. પડી હતી જોકે ૧૧ માસ ના કરાર આધારીત

### ૧૩ જગ્યા માટે ૧૦૭ અરજીઓ આવી

પાલનપુર તાલુકાની વિવિધ ૧૩ સ્કૂલોમાં ખાલી પડેલ મધ્યાન ભોજન કેન્દ્રના સંચાલકોની ભરતી યોજવા માં આવી હતી જેમાં ૧૧ માસના કરાર અને ૧૬૦૦ના માસિક માનદ વેતન વાળી આ પોસ્ટ માટે ઉચ્ચ શિક્ષણ મેળવનારા ૧૦૭ શિક્ષિત મહિલાઓએ અરજી કરી હતી.

અમે માસિક ૧૬૦૦ ના માનદ વેતન વાળી મધ્યાન ભોજન સંચાલકની જગ્યા માટે ઉચ્ચ શિક્ષણ મેળવનાર બેરોજગારો ઈન્ટરવ્યુંમાં આવતા જિલ્લામાં બેરોજગારી શિક્ષીત યુવાનોને માટે શ્રાપ સમાન પુરવાર થતી જોકે મળી હતી.

# ભિલોડામાં ધીમી ધારે વરસાદ વરસ્યો

ભિલોડા, તા.૨૦

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં આ વર્ષે ચોમાસાની સિઝન દરમ્યાન વરસાદ ખેંચાતાં ખેડૂતોના જીવ અધ્ધર થઈ રહ્યા હતા પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે અણીના સમયે મેઘરાજા જાણે કે મહેરબાન થયા હોય તેમ ધીમી ધારે વરસાદ વરસતાં મુરઝાતા ખેતીના વિવિધ પ્રકારના પાકોને જીવતદાન મળતાં ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી હતી.અસહ્ય બાફ અને ઉકળાટ ભર્યા માહોલ વચ્ચે વાતાવરણમાં એકા-એક ઠંડક પ્રસરતાં પ્રજાજનોને હવે ગરમીથી એકદંરે રાહત થઈ છે.આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાતા વરસાદી વાતાવરણ સર્જાયું છે .ખાડા-ખાબોચીયાઓ માં



વરસાદી પાણી ભરાતા અસહ્ય ગંદકીનું સામ્રાજ્ય ઠેર-ઠેર ફેલાયું છે.માખી-મચ્છરોનો ઉપદ્રવ વધતાં રોગચાળો ફેલાય જશે તેવી દહેશત સેવાઈ રહી છે.

ભિલોડા સહિત આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ધીમી ધારે વરસાદ વરસતાં મકાઈ,તુવેર,કપાસ,મગફળી,સોયાબીન સહિત વિવિધ પ્રકારના મુરઝાતા ખેતીના પાકોને જીવતદાન મળતાં ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી છે.

ગત વર્ષની તુલનાએ સૌથી ઓછો વરસાદ ભિલોડા તાલુકામાં નોંધાયો હોય પ્રજાજનોમાં ચિંતાનું મોઝું ફરી વળ્યું છે.ભિલોડામાં હાથમતી નદી કિનારે શ્રી વૈજનાથ મહાદેવ મંદિરમાં શિવાલયના ગર્ભગૃહ પાણીથી છલોછલ ભરીને ભક્તોએ શિવજીને અકળાવ્યા હતા.મેહુલીયો મન મુકીને વરસે તે માટે ભક્તોએ શિવજીને પ્રાર્થના કરી હતી.

# બાયડ હાઈસ્કુલમાં તાલુકા કક્ષાના ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

## કોરોના વોરિયર્સનું સન્માન કરાયું


બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

બાયડ હાઈસ્કુલમાં તાલુકા કક્ષાના ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી. બાયડ પ્રાંત અધિકારી ડાૅ.વિમલભાઈ બારોટે તિરંગો લહેરાવ્યો હતો. આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે કોરોના વોરિયર્સનું સન્માન કરવામાં આવ્યું હતું.



પ્રાપ્ત જાણકારી મુજબ રાષ્ટ્રના સ્વાતંત્ર્ય પર્વની તમામ શૈક્ષણિક સંકુલોમાં ઉજવણી કરવામાં આવી હતી. બાયડ હાઈસ્કુલમાં યોજાયેલા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ધ્વજવંદન કર્તા પ્રાંત અધિકારીએ બાયડ સહિત તાલુકાની પ્રજાને શુભકામનાઓ પાઠવી હતી. કોરોનાના કપરા કાળ દરમ્યાન ૧૭ મહિના સુધી ઉત્કૃષ્ઠ કામગીરી કરનારા કર્મચારીઓનું કોરોના વોરિયર્સ તરીકે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાયડ કેળવણી મંડળના અધ્યક્ષ કનુભાઈ એમ. પટેલ, ચેરમેન મોતીભાઈ પટેલ, સેક્રેટરી વિનુભાઈ જે. પટેલ, બાયડ ઈન્ચાર્જ મામલતદાર રાકેશભાઈ જોષી, તાલુકા વિકાસ અધિકારી ક્રિષ્ણાબેન ઉપાધ્યાય, બાયડ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ માંનસિંહ સોઢાપરમાર, તાલુકા હેલ્થ અધિકારી ડાૅ.ધર્મેન્દ્રભાઈ પરમાર, શાળાના પ્રિન્સિપાલ સુનિલભાઈ પટેલ સહિત અનેક આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



ધાર્વિક મોહીતભાઈ નરસંઘાણી
ડેમાઈ, તા.બાયડ



જૈમિન હસમુખભાઈ શાહ
આકરૂન્દ, તા.ધનસુરા



કશ્યપ પટેલ
(મલ્હાર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



નવિન એસ. પટેલ
(ઉદય વિઝન)
ધનસુરા, જિ.અરવલ્લી



કીરીટભાઈ પટેલ
(સી.આર.સી.)
સાયરા, તા.મોડાસા



દિયાન પંકજભાઈ પટેલ
મુ.વેજરપકંપા, તા.હિંમતનગર.
જી.સાબરકાંઠા.

## ભિલોડા ગાયત્રી પરીવાર દ્વારા ખેરંચા ગામમાં ઘરે-ઘરે ગાયત્રી યજ્ઞનું આયોજન

ભિલોડા,તા. ૨૦

પવિત્ર પાવન શ્રાવણ માસ દરમિયાન ભિલોડા તાલુકા ગાયત્રી પરીવાર સમન્વય સમિતિ દ્વારા ખેરંચા ગામમાં ઘરે-ઘરે ગાયત્રી યજ્ઞનું આયોજન કરાયું હતું.૧૬ સંસ્કાર જેવા કે ગર્ભાધાન સંસ્કાર,અન્ન પરાસન સંસ્કાર, વિદ્યારંભ સંસ્કાર, નામકર સંસ્કાર, મુંડન સંસ્કાર, લગ્ન સંસ્કાર સહિત અનેક સંસ્કારોને ઘરે ઘરે જઈને યજ્ઞની સાથે - સાથે ધાર્મિક કાર્ય કરાયું હતું. ગાયત્રી પરીવારના ચંદ્રકાંતભાઈ, ધુળાભાઈ, મનહરભાઈ સહિત પરીવારના સભ્યોએ ગાયત્રી યજ્ઞને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.